પ્રકરણ 12

મૂળભૂત લોકશાહી – ભાગ 3 : શહેરી વિસ્તારોમાં સ્થાનિક સરકાર

હું ઇચ્છું છું કે, એક સંપૂર્ણ સ્થાનિક સંસ્થાની રચના તાત્કાલિક થવી જોઈએ, જેથી લોકોને ખરેખર ખબર પડે કે વહીવટ શું છે ? મતાધિકાર શું છે ? સત્તાઓ શું છે ? અને નાના વિસ્તારમાં, તેમના પોતાના શહેરમાં, પોતાના ગામમાં તેમના અધિકારો અને વિશેષાધિકારો શું છે ?

— રુસ્તમ કે. સિધવા, સભ્ય, બંધારણ સભા
(બંધારણ સભાની ચર્ચાઓ દરમિયાન, 13 ઓક્ટોબર 1949)

ચિત્ર 12.1 : બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (મૂળ પૂર્વે 'બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન') ની રચના 1865માં કરવામાં આવી હતી



મહત્ત્વપૂર્ણ પ્રશ્નો

1. શહેરી સ્થાનિક સંસ્થાઓ શું છે અને તેનાં કાર્યો જણાવો.
2. શાસન અને લોકશાહીમાં તેઓ શા માટે મહત્ત્વપૂર્ણ છે ?

M1Q3H3

પરિચય



અગાઉના પ્રકરણોમાં આપણે જોયું કે લોકશાહીમાં સુશાસનનો ઉદ્દેશ્ય નાગરિકોને સશક્ત બનાવવા માટેનો છે, જેથી તેઓ દેશનાં કાર્યમાં સક્રિયપણે ભાગ લઈ શકે. પછી ભલેને ગ્રામીણ, પ્રાદેશિક, શહેરી કે રાષ્ટ્રીય સ્તરે હોઈ શકે છે. આ **સહભાગી લોકશાહી**નો વ્યાપક ખ્યાલ છે.

આપણે ગ્રામીણ સંદર્ભમાં આ પ્રણાલીની મૂળભૂત બાબતો જોઈ. ચાલો, હવે જોઈએ કે તે શહેરના પરિપ્રેક્ષ્યમાં કઈ રીતે કાર્ય કરે છે. ગ્રામીણ શાસનવ્યવસ્થા કરતા. શહેરી શાસનવ્યવસ્થા સામાન્ય રીતે વધુ જટિલ અને વૈવિધ્યસભર છે. તે સમજી શકાય તેવું છે. શહેરી શાસનવ્યવસ્થા વધુ જટિલ હોવી જોઈએ. જોકે આપણે અહીં તેના મૂળભુત સિદ્ધાંતો સુધી મર્યાદિત રહીશું.

ચાલો, શોધીએ



→ કોલકાતા, ચેન્નાઈ કે મુંબઈ જેવા શહેર, ગામડાં કે નગર કરતાં વધારે જટિલ અને વૈવિધ્યપૂર્ણ કેમ હોય છે ?

→ તમારા મિત્રો સાથે, તમે જાણતા હોય એવા કોઈપણ શહેરમાં વસતા વિવિધ સમુદાયોની યાદી બનાવો. તમારામાંથી કેટલા આવી યાદી બનાવવા સક્ષમ છે ? યાદી બનાવવા માટે તમે કઈ-કઈ બાબતો ધ્યાનમાં લેશો.

શહેરી વિસ્તારોમાં શાસન અને વહીવટને સમજતાં પહેલાં આકૃતિ 12.2 માં દર્શાવેલ સ્થાનિક સ્તરથી રાષ્ટ્રીય સ્તર સુધીની ભારતીય શાસનપ્રણાલીના પિરામિડ પર વ્યાપક નજર નાખવી જરૂરી છે. આ પિરામિડનો પાયો સ્થાનિક સ્તર છે. જે લોકોની નજીક છે, જ્યારે ટોચ ઉપર સંઘીય સરકાર છે. આપેલ પ્રકરણ 11 માં પિરામિડના આધારે ગ્રામીણ સ્થાનિક સરકાર વિશે અભ્યાસ કર્યો છે. હવે આપણે આ પ્રકરણના પાના નં-175 પર આકૃતિ 12.2 માં આપેલ પિરામિડમાં દર્શાવ્યા મુજબ શહેરી સ્થાનિક સરકાર વિશે અભ્યાસ કરીશું.



આકૃતિ 12.2

ચાલો, શોધીએ



ઉપરોક્ત આકૃતિ 12.2 માં તમને પંચાયતીરાજ વ્યવસ્થા અને શહેરી સ્થાનિક સરકાર વચ્ચે કઈ કઈ સમાનતાઓ અને તફાવત દેખાય છે ?

શહેરી સ્થાનિક એકમો

શહેરી વિસ્તારોમાં આવેલા સ્થાનિક સરકારના માળખાને 'શહેરી સ્થાનિક સંસ્થાઓ' કહેવામાં આવે છે. એનો અર્થ એ છે કે તેઓ કોઈ સર્વોચ્ચ સત્તા હેઠળ કાર્ય કરતા નથી.

એટલે કે તેમના પોતાના વિસ્તારોનું સંચાલન કરવાની અથવા તેમની સમક્ષ ઊભા થયેલા મુદ્દા કે સમસ્યાઓનું નિરાકરણ કરવાની તેમની પાસે સ્વાયત્તતા છે. તેમના પોતાના વિસ્તારના નાગરિકોના હિત માટે શું શ્રેષ્ઠ છે તે નિર્ણય લેવા માટેનું આ એક તંત્ર છે. તેના માટે શહેરો અને નગરોને નાના-નાના એકમોમાં વિભાજિત કરવામાં આવે છે, જેને વોર્ડ કહે છે. આ વોર્ડ સમિતિઓ આરોગ્ય શિબિરનું આયોજન, સિંગલ-યુઝ પ્લાસ્ટિક વિરુદ્ધ ઝુંબેશ ઉપાડવી વગેરે જેવી પ્રવૃત્તિઓ કરવામાં મદદ કરે છે. આ સમિતિઓ પાણીના લીકેજ, ઉભરાતી ગટર, તૂટેલ રસ્તાઓ જેવી ઉદ્‌ભવેલી સમસ્યાઓની જાણ જે તે સત્તામંડળ (અધિકારી)ને કરે છે. જો કે, આ વોર્ડ સમિતિઓની કામગીરી ચોક્કસ હોતી નથી. તે દરેક રાજ્યવાર એ અલગ અલગ હોય છે અને આ જે તે રાજ્ય દ્વારા બનાવેલા નિયમોને આધીન હોય છે.






એકંદરે, શહેરી સ્થાનિક સંસ્થાઓ પાસે માળખાગત સુવિધાઓ જેવી કે સ્મશાનભૂમિની જાળવણી કરવી, કચરો એકઠો કરવો અને તેનો નિકાલ કરવો, સરકારી યોજનાઓના અમલીકરણ પર દેખરેખ રાખવી, સ્થાનિક કરવેરાઓ અને દંડ વસૂલવા વગેરે જેવાં કાર્યો કરવાની ખૂબ મોટી જવાબદારી હોય છે.

તેમના પોતાના વિસ્તારના આર્થિક અને સામાજિક વિકાસનું આયોજન કરવામાં પણ તેમની કેટલીક ભૂમિકા હોય છે. (આપણે યાદ રાખવું જોઈએ કે આ એક **સહભાગી લોકશાહી** છે.) આ સંસ્થાઓ પોતાનાં કાર્યો સફળતાપૂર્વક પૂરાં કરવા માટે સક્ષમ બને તે માટે નાગરિકો એ પણ તેમના કર્તવ્યનું પાલન કરવું પડશે. એટલે કે તેમના આસપાસના વિસ્તારની જાળવણી કરવી પડશે, અને તેનું ધ્યાન રાખવું પડશે. ઉદાહરણ તરીકે જોઈએ તો જો નાગરિકો કચરો અલગ-અલગ કરવા અંગે આપેલ સૂચનાઓનું કાળજીપૂર્વક પાલન કરે, તો સૂકા અને ભીના કચરાનું અલગ-અલગ રીતે નિકાલ કરવાનું ખૂબ જ સરળ છે. અથવા તો કોઈ શેરી કે રસ્તા પર પાણીનું લીકેજ જોવા મળે તો તાત્કાલિક તેની જાણ કરવાથી કિંમતી પાણીનો બગાડ થતો અટકાવી શકાય છે.

ચાલો, શોધીએ



શું તમે એક જવાબદાર નાગરિક તરીકે તમારા શહેરના વિસ્તારની જાળવણી માટે આ સિવાયની અન્ય કોઈ બાબતો વિચારી શકો છો ?



ચિત્ર 12.3 મદ્રાસ કોર્પોરેશન

મદ્રાસ કોર્પોરેશન (હવે બૃહદ્ ચેન્નાઈ કોર્પોરેશન)ની સ્થાપના 29 સપ્ટેમ્બર, 1688 ના રોજ થઈ હતી, જે ભારતની સૌથી જૂની મ્યુનિસિપલ સંસ્થા છે. ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ મદ્રાસ કોર્પોરેશનની સ્થાપના થઈ તેના એક વર્ષ પહેલાં એક હુકમ (અધિનિયમ) બહાર પાડ્યો હતો. જેમાં 'ફોર્ટ સેન્ટ જ્યોર્જ' અને તેની આસપાસના 16 કિ.મી.ના અંતરે આવેલા તમામ વિસ્તારો આ કોર્પોરેશનમાં સમાવેશ કરવામાં આવ્યા હતા. 1792ના પાર્લામેન્ટરી એક્ટની જોગવાઈથી મદ્રાસ કોર્પોરેશનને શહેરમાં સ્થાનિક કર લગાવવાની સત્તા આપવામાં આવી હતી, ત્યારથી જ મ્યુનિસિપલ વહીવટ યોગ્ય રીતે શરૂ થયો હતો.

ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ સેવાઓ



મિલકત વેરો



પાણી વેરો



ઘનકચરાનું વ્યવસ્થાપન



વ્યવસાય, હોર્ડિંગ્સ
વેપાર પરવાના



સી.આર.એમ*
લગ્ન પ્રમાણપત્ર



સી.આર.એમ
અગ્નિશમન સેવાઓ



સી.આર.એમ
વિવિધ પરવાના



સી.આર.એમ
કાટમાળનો નિકાલ,
પાણીનું ટેન્કર



વૃક્ષ કાપણી અને વૃક્ષ પરિવહન



સી.આર.એમ-ફરિયાદો નિવારણ

સી. આર. એમ. વિનંતીથી પ્રાપ્ય સેવાઓ



પાણીનું ટેન્કર



સેપ્ટિક ટેન્કર



સભા ગૃહ



શબવાહિની



ફરતું શૌચાલય



એમ્બ્યુલન્સ

*સીઆરએમ : સિટીઝન રિલેશનશિપ મેનેજમેન્ટ (નાગરિક સંબંધિત વ્યવસ્થાપન)
(ઇન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અપાતી સેવાઓની યાદી અહીં આપવામાં આવી છે.)

ચિત્ર 12.4 ઇન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સેવાઓ

ચાલો, વિચારીએ

મધ્યપ્રદેશના ઈન્દોર શહેરને સતત સાત વર્ષથી સરકારની સ્વચ્છ સર્વેક્ષણ યોજના હેઠળ ભારતના સૌથી સ્વચ્છ શહેર તરીકેનો એવોર્ડ મળેલ છે. આ સિદ્ધિમાં ઈન્દોરના નાગરિકોની ભૂમિકા શું હોઈ શકે ?

આપણે જાણીએ છીએ તેમ શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ચેન્નઈ અને ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશન ટોચ પર છે. 10 લાખથી વધુ વસતી ધરાવતાં શહેરોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન જેને આપણે **'મહાનગરપાલિકા'** કહીએ છીએ. જે તેમની સર્વોચ્ચ સંસ્થા છે. ઉપરાંત 1 થી 10 લાખ વચ્ચેની વસતી ધરાવતાં શહેરોમાં મ્યુનિસિપલ કાઉન્સિલ હોય છે. જેને **'નગરપાલિકા'** કહેવામાં આવે છે. તેનાથી ઓછી વસતીવાળાં શહેરો કે નગરોમાં **'નગર પંચાયત'** હોય છે.

ચાલો, શોધીએ



- → આપણાં રાજ્યો તેમજ આપણાં પાડોશી રાજ્યોનાં કેટલાંક શહેરો પસંદ કરો. આ શહેરોમાં નગર પંચાયત, નગરપાલિકા (મ્યુનિસિપલ કાઉન્સિલ) અથવા મહાનગરપાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન) છે. તેની યાદી બનાવો અને તે મુજબનું કોષ્ટક તૈયાર કરો.
- → શહેરી સંસ્થાઓ તેમની પ્રવૃત્તિઓ માટે ભંડોળ કેવી રીતે પૂરું પાડે છે? (પાના નં-178 પર ચિત્ર 12.4માં ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવતાં કાર્યોનાં ચિત્રો ધ્યાનથી જુઓ.) શું એમાંથી કેટલીક સેવાઓમાં સશુલ્ક (પેઈડ) ચૂકવવામાં આવે છે?



સમીર : નમસ્કાર, મેં અહીં આ ગામમાં તમને પહેલાં ક્યારેય જોયાં નથી. શું તમે આ ગામમાં નવાં છો?

અનિતા : નમસ્કાર, હા, હું શહેરની છું, અહીં રહેતાં મારા દાદા-દાદીને મળવા આવી છું. જે અહીંથી થોડું અલગ છે.

સમીર : અરે, સાચે જ? શહેર એવું તો કેવું છે?

અનિતા : શહેર ઊંચી ઈમારતોથી ઘેરાયેલું ઘણું વ્યસ્ત અને ભીડભાડવાળું છે. ત્યાં ઘણા બધા લોકો આમ તેમ ભાગ દોડ કરતા હોય છે અને ગામની શાંતિની સરખામણીએ શહેર ખૂબજ ઘોંઘટવાળું હોય છે. ઉપરાંત, લોકો વધુ સ્વનિર્ભર હોય છે અને ઘણી વાર તેઓ પડોશીઓને પણ જાણતા નથી.

સમીર : વાહ ! અમારે ત્યાં દરેક જણ એકબીજાને ઓળખે છે અને મદદ પણ કરે છે - ગામડામાં અમે ખેતરોમાં સાથે મળીને કામ કરીએ છીએ, તહેવારો સાથે મળીને ઉજવીએ છીએ, અને એક સમુદાય તરીકે નિર્ણયો પણ લઈએ છીએ.



અનિતા : તેવી રીતે જ, શહેરમાં પણ સામૂહિક ભાવના છે જ. હમણાં ભારે વરસાદને કારણે બે શેરી આગળનું મકાન ધરાશાયી થઈ ગયુ. તે પછી આસપાસના ઘણા બધા લોકો કાટમાળ દૂર કરવામાં મદદ માટે એકઠા થઈ ગયા અને ચોકસાઈ કરી કે કોઈ કાટમાળની અંદર ફસાયેલું ન રહી જાય.

સમીર : શું આવા કિસ્સાઓમાં સ્થાનિક સરકાર મદદ નથી કરતી ?

અનિતા : હા, તે કરે છે. અલબત્ત, આપણી સ્થાનિક સંસ્થાઓ અને તેના ચૂંટાયેલા સભ્યો છે જે આપણા બધાંના હિતોનું પ્રતિનિધિત્વ કરે છે.

સમીર : સારું આ તો ગ્રામપંચાયત જેવું જ છે. બસ તેનુ સ્વરૂપ મોટું છે. અમારા ગામમાં પણ સભ્યો ચૂંટાયેલા હોય છે. અહીં તેઓ એકબીજાને ઓળખતા હોવાથી સાથે મળી ગામને સંબંધિત તમામ પ્રકારની સમસ્યાઓની ચર્ચા કરે છે. ઘણીવાર અમારાં બાળકોની વાત પણ ધ્યાને લે છે.

અનિતા : ખરેખર ? તમે કઈ વધારે પડતું તો બોલી રહ્યા નથી ને ?



સમીર : બિલકુલ નહીં ! એક દિવસે થોડાં બાળકોએ જોયું કે વીજળીનો તૂટેલો વાયર ભયજનક રીતે નીચે લટકતો હતો, તે એક મકાનની છતને સ્પર્શતો હતો. અમે તેની ફક્ત જાણ કરી ન હતી, પરંતુ અમે ગ્રામપંચાયતના એક સભ્યને જણાવ્યું કે વીજળીનો થાંભલો થોડો ખસેડવો જોઈએ. અને તે કામ થઈ ગયું.

અનિતા : ખૂબ સરસ. મને લાગે છે કે લોકશાહીમાં આ રીતે કામ કરવું જોઈએ. શહેરમાં આ થવું જટિલ છે, પરંતુ મૂળ વિચાર એક સરખો જ છે. આમાં દરેક વ્યક્તિનો અભિપ્રાય મહત્ત્વપૂર્ણ છે.

સમીર : હા આવું થાય છે ! મને માફ કરશો પણ મારે જવું પડશે. મારી માતાને થોડી ખરીદી કરવી છે, તો મારે મદદ માટે જવું પડશે. મને શહેર વિશે જણાવવા બદલ આભાર.

અનિતા : મને તારા ગામ વિશે કહેવા બદલ તારો પણ આભાર ! હું ચોક્કસપણે અહીં આસપાસનો વિસ્તાર જોઈશ.

સમીર : સારું આવજો, કદાચ આપણે ફરી ક્યારેક મળીશું.

આપણે આગળ વધીએ તે પહેલાં...



- → શહેરી વિસ્તારોમાં વિકેન્દ્રિત શાસન હેઠળ વિવિધ શહેરી સ્થાનિક સંસ્થાઓ કામ કરે છે, જે નાગરિકોના જીવનને અસર કરતી વિવિધ કામગીરીઓ પૂર્ણ કરે છે.
- → ગ્રામીણ સંદર્ભની જેમ, શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ચૂંટાયેલા સભ્ય હોય છે, જેઓ સ્થાનિક નાગરિકોનું પ્રતિનિધિત્વ કરે છે.
- → સ્થાનિક સંસ્થાઓ તેમનાં કાર્યો કાર્યક્ષમ રીતે કરી શકે તે સુનિશ્ચિત કરવાની નાગરિકની ફરજ છે.

પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ

1. તમે તમારા મિત્ર સાથે શાળા એ જઈ રહ્યા છો અને રસ્તામાં પાણીની પાઈપ તૂટી ગયેલી જોવા મળે છે, જેમાંથી ઘણું પાણી વેડફાઈ રહ્યું છે. તો તમે આવી સ્થિતિમાં શું કરશો ?
2. તમારી નજીકની શહેરી સ્થાનિક સંસ્થાના સભ્યને તમારા વર્ગમાં આમંત્રિત કરો. તેમની ભૂમિકા અને જવાબદારીઓની ચર્ચા કરો. તેમને પૂછવા માટે તે પ્રશ્નોની યાદી તૈયાર કરો, જેથી ચર્ચા કરી શકાય.

3. તમારા કુટુંબના કે આજુબાજુના વડીલો, સંસ્થાઓ પાસે તેઓ કેવાં કાર્યની અપેક્ષા રાખી રહ્યા છે તેની યાદી બનાવો.
4. એક સારી શહેરી સ્થાનિક સંસ્થાની લાક્ષણિકતાઓની યાદી બનાવો.
5. ગ્રામીણ વિસ્તારમાં પંચાયતીરાજ વ્યવસ્થા અને શહેરી વિસ્તારમાં સ્થાનિક સંસ્થાઓ વચ્ચે શું શું સમાનતા અને તફાવત જોવા મળે છે?

નુડલ્સ Noodles

નોટ્સ (Notes) અને ડૂડલ્સ (Doodles)નો શબ્દ-સંક્ષેપ 'નુડલ્સ'

